Re-Accredited B++ 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સંદર્ભ:**-(૧) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૧૪/૦૪/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક : એસ./સર્ટી.કોર્ષ–ઓર્ડી.૧૮૮/પરિપત્ર/૮૮૬૨–૧/૨૦૨૩
(૨) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૨૮/૦૭/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક : એસ./પરિપત્ર/૧૯૧૫૦/૨૦૨૩
(૩) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૨૮/૦૭/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક : એસ./પરિપત્ર/૧૯૬૧૮/૨૦૨૩
(૪) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૦૯/૧૦/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક : એસ./પરિપત્ર/૨૬૨૧૦/૨૦૨૩

**-: પરિપત્ર :-**

યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટનાં વડાશ્રીઓ અને યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, NEP-2020 અંતર્ગત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટી પરિસર ખાતેના શૈક્ષણિક વિભાગ ખાતે વિવિધ સર્ટીફીકેટ,ડિપ્લોમા, એડવાન્સ ડિપ્લોમા અભ્યાસક્રમો શરૂ કરવા યુનિવર્સિટી દ્વારા ઓર્ડિનન્સ–૧૮૮ થી SOP નિયત કરવામાં આવેલ છે. જે અન્વયે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને વિભાગો દ્વારા વિવિધ સર્ટીફીકેટ અભ્યાસક્રમો શરૂ કરવા કરેલ દરખાસ્તો યુનિવર્સિટી દ્વારા સ્વીકારી NEP-2020 અંતર્ગત સર્ટીફીકેટ અભ્યાસક્રમોને AEC/SEC/VAC હેઠળ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવે છે. જે સંદર્ભે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

૧. યુનિવર્સિટી વિભાગ/સંલગ્ન કોલેજને ઓર્ડિનન્સ –૧૮૮ હેઠળ જે તે સર્ટીફીકેટ / ડીપ્લોમા / એડવાન્સ ડિપ્લોમા શરૂ કરવા માટે યુનિવર્સિટી દ્વારા એક વખત મંજૂરી આપ્યા બાદ એક બેચ પૂર્ણ થયા બાદ બીજી બેચ શરૂ કરવા કે ત્યાર પછીના શૈક્ષણિક વર્ષમાં મંજૂર કરેલ અભ્યાસક્રમ શરૂ કરવા વિભાગે/કોલેજે ઓર્ડિનન્સ–૧૮૮ ના પેરા નં. ૯ (C) ૧૧ અનુસાર યુનિવર્સિટીની પુનઃ મંજૂરી મેળવવાની રહેતી નથી. પરંતુ વિભાગે/કોલેજે ઓર્ડિનન્સ –૧૮૮ ના પેરા નં. ૯ (C) ૯ & ૧૦ અનુસાર વિદ્યાર્થીદીઠ ડેવલોપમેન્ટ ફંડ યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહે છે.

૨. યુનિવર્સિટીની વિવિધ અભ્યાસ સમિતિ (BOS) અને વિદ્યાશાખા દ્વારા જે તે પ્રોગ્રામ ( દા.ત. B.A., B.Com., B.Sc., ) ના માળખા ( સ્ટ્રકચર ) માં AEC / SEC / VAC ની બાસ્કેટ માટે મંજૂર કરેલ અભ્યાસક્રમ જો વિદ્યાર્થીઓ દ્વારા પસંદ કરવામાં આવેલ હોય તે કિસ્સામાં સંબંધિત વિભાગે/કોલેજે વિદ્યાર્થી પાસેથી AEC/SEC/VAC હેઠળના અભ્યાસક્રમની અલગથી કોઈ ફી લેવાની રહેતી નથી.

૩. યુનિવર્સિટી વિભાગ/સંલગ્ન કોલેજ દ્વારા ઓર્ડિનન્સ–૧૮૮ હેઠળ શરૂ કરવામાં આવેલ AEC/SEC/VAC અભ્યાસક્રમ માટે સદર AEC/SEC/VAC અભ્યાસક્રમમાં સ્વૈચ્છિક રીતે જોડાયેલ વિદ્યાર્થીઓ પાસેથી જ વિદ્યાર્થીના મૂળ અભ્યાસ એટલે કે B.A., B.Com., B.Sc. વગેરેમાં વિદ્યાર્થીએ ભરેલ ફી ઉપરાંતની AEC/SEC/VAC અભ્યાસક્રમ માટે યુનિવર્સિટી દ્વારા નિયત/મંજૂર કરેલ ફી વિભાગે/કોલેજે અલગથી લેવાની રહે છે.

વધુમાં, યુનિવર્સિટી વિભાગ/સંલગ્ન કોલેજે સદરહુ AEC/SEC/VAC અભ્યાસક્રમની પરીક્ષા અને તેને આનુષંગિક કાર્યવાહી યુનિવર્સિટીના સંદર્ભ તા.૦૯/૧૦/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક:એસ./પરિપત્ર/૨૬૨૧૦/૨૦૨૩ અને તા.૨૯/૧૧/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક:પરીક્ષા/સાયન્સ/૨૭૨૫૦/૨૦૨૩ મુજબ કરવાની રહે છે.

વધુમાં, એકેડેમિક કાઉન્સિલની તા.૧૯/૦૧/૨૦૨૪ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૫ થી ઠરાવેલ છે કે, તમામ અભ્યાસ સમિતિઓએ ( એપેક્ષ બોડીના નિયમો લાગુ પડતા હોય તે સિવાયની) AEC,SEC,VAC હેઠળ ઓછામાં ઓછો એક અભ્યાસક્રમ સંબધિત સેમેસ્ટરો (શિક્ષણ વિભાગનાં ક્રમાંક: KCG/admin/2023-24/0607/kh.1, તા.૧૧/૦૭/૨૦૨૩ ના ઠરાવમાં દર્શાવેલ સ્ટ્રકચર અનુસારના સેમેસ્ટરો) માટે તૈયાર કરવો. તથા આ અભ્યાસક્રમો AEC, SEC, VAC હેઠળ ઓર્ડિનન્સ–૧૮૮ ના વિકલ્પ રૂપે વિદ્યાર્થીઓને ઓફર કરવાના રહેશે. જેની નોંધ લેવી.

ક્રમાંક : એસ./પરિપત્ર/૨૧૪૭/૨૦૨૪
તા. ૦૯–૦૨–૨૦૨૪

કુલસચિવ

પ્રતિ,
૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ,
૨) યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓ. અને યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓ.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૪) નાયબ કુલસચિવશ્રી, એકેડેમિક વિભાગ, અનુસ્નાતક વિભાગ, જોડાણ વિભાગ, વી.ન. દ.ગુ.યુનિવર્સિટી, સુરત.

...... જાણ તથા ઘટતું થવા.